# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/176 Dt. 09/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરે ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ વિભાગ તેમજ ટેક્ષ્ટાઇલ મંત્રાલયને અપીલ કરી કે MEG (મોનો-ઈથેનોલ ગ્લાયકોલ), જે પોલિએસ્ટર યાર્ન ઇત્પાદન માટેનું બેઝિક રો-મટેરિયલ છે તેના પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ નાણાં મંત્રાલય દ્વારા સ્વીકારવામાં ન આવે

## ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી સહિતના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો-કેમિકલ વિભાગના સેક્રેટરી સુશ્રી નિવેદિતા શુક્લા અને જોઈન્ટ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી સાથે રૂબરૂ મુલાકાત કરી

સુરતઃ આજરોજ તા.૦૯ ઓકટોબર ૨૦૨૫ ના રોજ નવી દિલ્હી ખાતે ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ્સ વિભાગના સેક્રેટરી સુશ્રી નિવેદિતા શુક્લા તથા ભારત સરકારના જોઈન્ટ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી સુશ્રી પદ્મિની શિંગલા અને મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઈલના રિયા ગુપ્તા સાથે રૂબરૂ મુલાકાત કરી MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણનો સ્વીકાર નહીં કરવામાં આવે તે અંગે રજૂઆત કરી હતી. આ મિટીંગમાં સમગ્ર ભારતના MMF ટેક્ષ્ટાઈલના એસોસિએશનો SGCCI ઉપરાંત CITI, PTA યૂઝર્સ તથા અન્ય એસોસિએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ મિટીંગમાં ડીજીટીઆર (DGTR) દ્વારા તા. ૨૩-૦૯-૨૦૨૫ ના રોજ ફાઇનલ ફાઈડિંગમાં કુવૈત, સાઉદી અરબ અને સિંગાપોરથી આયાત થતાં MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવામાં આવી હતી. જે ભલામણનો સ્વીકાર નહીં કરવામાં આવે તેવો અભિપ્રાય ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ વિભાગ તથા ટેક્ષ્ટાઈલ મંત્રાલય દ્વારા નાણાં મંત્રાલયને કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ વતી કરવામાં આવેલ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકાર દ્વારા MEG પર જુલાઈ-૨૦૨૩ થી જ QCO ઓર્ડર લાગુ કરવામાં આવ્યો છે, તેથી ભારતમાં MEG ના ભાવ વિશ્વ બજાર કરતાં રૂ. ૧.૫ (દોઢ) થી રૂ. ૨ (બે) વધુ છે. તથા ભારતમાં MEG ની કુલ ડિમાન્ડ ૩૧ લાખ મેટ્રિક ટન છે. જેની સામે ભારતમાં ૧૯ લાખ મેટ્રિક ટન MEG ઉત્પાદન છે. તેથી ૧૨ લાખ મેટ્રિક ટન જેટલું MEG આયાત કરવામાં આવે છે. ડીજીટીઆર દ્વારા તેઓના ફાઇનલ ફાઈડિંગમાં કુવૈતથી આયાત થતાં MEG પર ૧૦૩ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાવવામાં આવે છે, તેમજ સાઉદી અરબથી આયાત થતાં MEG પર ૧૧૩ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન અને સિંગાપોરથી આયાત થતાં MEG પર ૧૩૭ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન એન્ટી ડમ્પિંગ ડ્યુટી અમલી બને છે.

આ એન્ટી ડમ્પિંગ ડ્યુટીની અસર ભારતમાં પ્રતિ કિલોગ્રામ MEG ઉપર રૂ. ૯ થી ૧૨ સુધી પડવાની સંભાવના છે. હાલમાં જ ભારત સરકાર દ્વારા જીએસટી ૨.૦ લાગુ કરવામાં આવ્યું છે, જેમાં યાર્ન ઉપર લાગતું જીએસટી ૧૨% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યું છે. જો એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવામાં આવે તો જીએસટી ઘટાડાનો લાભ ઉદ્યોગકારોને નહીં થશે. જેની ગંભીર અસર ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે વિવિંગ અને નિટીંગ ક્ષેત્રે પડી શકે છે અને યાર્ન ઉત્પાદન ક્ષેત્રે રૂ. ૨૦ હજાર કરોડનું રોકાણ આવવાની સંભાવના છે, તેના પર પણ બ્રેક લગાવી શકે છે.

ઉપરોક્ત પરિસ્થિતીને ધ્યાને લઈને ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની જે ભલામણ કરવામાં આવેલ છે, તેનો સ્વીકાર નહીં કરવા બાબતની ભલામણ ભારત સરકારના કેમિકલ અને પેટ્રો કેમિકલ વિભાગ તથા ટેક્ષ્ટાઈલ મંત્રાલય, નાણાં મંત્રાલયને કરે તેવી વિનંતિ કરવામાં આવેલ છે.